**પરિપત્ર ક્રમાંક :– ૦૪ / ૨૨**

**દિવ્યાંગ (વિકલાંગ) વ્યકિતઓને તમામ પ્રકારની એસ.ટી. બસોમાં રાજયની બહાર વિના મુલ્યે મુસાફરી કરવા બાબત.**

# ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ


વાણિજય (કોમર્સ) ખાતુ, મધ્યસ્થ કચેરી, રાણીપ, અમદાવાદ


પત્ર નં.: ગુરામા–વાણિ–દિવ્યાંગ–રા.યો./ગ/[illegible]........., તા.૭/ ૦૯ /૨૦૨૨

**વંચાણે લીધા (સંદર્ભ) :–**

(૧) પરિપત્રનં.૧૫ પત્ર ક્રમાંકઃગુરામા–પરિ–વાણિ–૪૪૧૦, તા.૧૫/૦૭/૮૬
(૨) સા.સ્થા.હુ.ક્રમાંકઃ૯૫૨/૯૧, પત્રનં. ગુરામા–પરિ–વાણિ–અપંગ–રાહત–૫૮૧, તા.૦૭/૦૮/૯૧
(૩) નં. ગુરામા/પરિવહન/વાણિજય/વિકલાંગ/૧૩૭૮, તા.૧૩/૦૫/૨૦૧૬
(૪) નં. ગુરામા/પરિવહન/વાણિજય/વિકલાંગ/૧૧૦૭, તા.૨૪/૦૩/૨૦૧૭
(૫) સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો પત્ર નં. અપગ/દિવ્યાંગ બસ પાસ યોજના/૧૯–૨૦/૩૬૪, તા.૧૦/૦૧/૨૦૨૦
(૬) પરિપત્ર નં.૦૨/૨૦,પત્ર નં.: ગુરામા–વાણિ–દિવ્યાંગ–રા.યો./ગ/ ૭૭૩૩, તા. ૦૪ / ૦૬ /૨૦૨૦
(૭) સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો પત્ર નં. અપગ/૧૦/૨૦૨૨/૦૪૨૫/છ.૧, તા.૨૨/૦૨/૨૦૨૨
(૮) સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો પત્ર નં. અપગ/એસ.ટી.બસ પાસ/૨૦–૨૧/૧૨૩૮૭, તા.૨૭/૧૦/૨૦૨૦
(૯) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ–૧, તા.૧૭/૦૮/૨૦૨૨
(૧૦) નિગમના સંચાલક મંડળના ઠરાવ ક્રમાંક.૯૮૬૨, મીટીંગ.૬૪૭, તા.૨૬/૦૮/૨૦૨૨

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ–૧, તા.૨૧/૦૪/૨૦૧૬ થી રાજય સરકારની એસ.ટી. બસોમાં દિવ્યાંગ (વિકલાંગ)ને વિના મુલ્યે મુસાફરી યોજના અન્વયે ગુર્જરનગરી, ઈન્ટરસીટી, લકઝરી અને વોલ્વો બસ સહિતની તમામ પ્રકારની બસોમાં મુસાફરીનો લાભ આપવા સંદર્ભિત ઠરાવથી સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ અંગે સરકારશ્રી તરફથી સંદર્ભિત પત્ર નં. ૫ અન્વયે દિવ્યાંગ(વિકલાંગ)ની કેટેગરીમાં વિસ્તૃત સુધારો કરી કેટેગરી મુજબ નિગમની બસોમાં રાહત દરે મુસાફરીની યોજનાનો લાભ આપવા અંગેની યોજનાની વિગતવાર સુચનાઓ સંદર્ભિત પત્ર નં. ૬ ધ્વારા વિભાગને અમલવારી કરવા જણાવવામાં આવેલ છે.

આ અંગે હાલમાં દિવ્યાંગ મુસાફર માટે નિગમની ગુર્જરનગરી, ઈન્ટરસીટી, એકસપ્રેસ, લકઝરી, વોલ્વો સહીતની તમામ બસોમાં મુસાફરી કરવા અંગે અગાઉ દિવ્યાંગોને સ્લીપર કોચ એસી/નોન એસી સર્વિસમાં ઉપર બર્થ હોવાથી પડી જવાનો ભય હોવાથી સુવિધા આપવામાં આવતી નહોતી તે બાબતે ઉપરોકત સંદર્ભ પત્ર.૭ થી ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને સ્લીપર કોચ એસી/નોન એસી સર્વિસમાં ઉપરના બર્થ પર જવા/બેસવા સમર્થ હશે તે દિવ્યાંગ જ તેમના સ્વવિવેકાનુસાર તે પ્રકારની ટીકીટ લેશે.તેમજ દિવ્યનંગોને નીચેના બર્થ પર આપવા પણ અગ્રતા આપવા માટેની સુચનાઓ પ્રસિધ્ધ કરવા ઠરાવવામાં આવેલ છે, તેમજ સંદર્ભિત પત્ર .૮ થી સુધારો કરી દિવ્યાંગોને જી.એસ.આર.ટી.સી. ની તમામ બસોમાં રાજય બહાર મુસાફરીના કિસ્સામાં બસરૂટના રાજય બહાર આવેલા અંતિમ સ્ટેશન સુધી મફત મુસાફરીની યોજનાનો લાભ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે.

સંદર્ભ.૭ અને ૮ અને ૯ અન્વયે દિવ્યાંગોને નિગમની તમામ બસોમાં રાજય બહાર વિના મુલ્યે મુસાફરી કરવાની યોજના અમલમાં મુકવા સારૂ નીચે મુજબની સુચનાનો અમલ કરવા અંગેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

1. દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને સ્લીપર કોચ એસી/નોન એસી સર્વિસમાં ઉપરના બર્થ પર જવા/બેસવા સમર્થ હશે તેવા દિવ્યાંગ ને જ તેમના સ્વવિવેકાનુસાર તે પ્રકારની ટીકીટ લેશે, તેમજ દિવ્યાંગોને નીચેના બર્થ પર પણ અગ્રતા આપવાની રહેશે.

2. વિભાગ ધ્વારા નિગમની સ્લીપર કોચ એસી/નોન એસી બસમાં પણ દિવ્યાંગોને મફત મુસાફરીનો લાભ આપવા તથા તે મુજબ વિભાગના તમામ ડેપો પર તેની અમલવારી કરવાની રહેશે.

3. રીઝર્વેશન અંગે સ્લીપર કોચ બસમાં પણ અન્ય મુસારોને જેમ નિગમના બસ સ્ટેન્ડ ખાતેથી એડવાન્સમાં રીઝર્વેશન ટીકીટ બુક કરાવી નિયમોનુસાર બસમાં રીઝર્વેશન મેળવી શકશે.

4. દિવ્યાંગોને તેમના સહાયક સાથે ગુ.રા.મા.વા.વ્ય.નિગમની તમામ બસોમાં મુસાફરી દરમ્યાન બસ ભાડામાં રાહત રાજય બહાર મુસાફરીના કિસ્સામાં બસરૂટના રાજય બહાર આવેલા અંતિમ સ્ટેશન સુધી આપવામાં આવશે.

5. દિવ્યાંગ મુસાફર નિગમની તમામ બસોમાં રાજયની બહાર પણ મફત મુસાફરી કરી શકશે તથા રીઝર્વેશન મેળવેલ હોય તેવા કિસ્સામાં પણ ટીકીટ મશીન માંથી 'O' (ઝીરો) વેલ્યુ ટીકીટ ઈસ્યુ કરવાની રહેશે. જેથી કલેઈમ કરતા સમયે દિવ્યાંગ મુસાફરોની વિગતો ગણતરીમાં આવી શકે.

6. વિભાગ ધ્વારા ઉપરોકત બાબતે ડેપો મેનેજરશ્રી મારફતે ફરજ પરના કર્મચારીગણ/ કંડકટર/ડ્રાયવરને જરૂરી સુચનાઓ આપવામાં આવે અને તેનો અમલ કરવા પુરતી સમજણ આપવામાં આવે તે અંગેની ડેપો ખાતે રાખવામાં આવતા સુચના રજીસ્ટરમાં તે બદલ સહી મેળવવા માટેની કાર્યવાહી કરવા જણાવાય છે.

7. આ પરિપત્રથી આપવામાં આવેલ સુચનાઓમાં કોઈ સુચનાનો સમાવેશ કરવામાં આવેલ ન હોય અને તેવી કોઈપણ બાબતે ફરીયાદ / મુશ્કેલી ઉપસ્થિત થવા પામે તો તે અંગે અત્રેની કચેરીનું માર્ગદર્શન માગવાનું રહેશે.

8. મુસાફરી દરમ્યાન દિવ્યાંગ વ્યકિતએ નિયત કરેલ અસલ ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને તે જ માન્ય રાખવાનુ રહેશે.

9. દિવ્યાંગ મુસાફર માટે કોઈપણ પ્રકારની ટીકીટ/પાસમાં બેઝીક ભાડુ કે અન્ય કોઈપણ પ્રકારના ચાર્જ જેવા કે, જી.એસ.ટી., રીઝર્વેશન, ટોલ ટેક્ષ, તથા અન્ય રાજયોમાં લાગતા ચાર્જીસ વગેરે વસુલવાના રહેશે નહી.

10. દિવ્યાંગોને રૂા .0.00 પ્રમાણે ટીકીટ ઈસ્યુ કરવાની રહેશે અને તેના હિસાબીકરણ માટે ટીકીટ/પાસ વાઈઝ તેના ભાડા અને અન્ય ચાર્જીસ અંગે જરૂરી રીપોર્ટસ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે અને તે વિભાગ ધ્વારા દર માસે ઓડીટ કરી અત્રે મોકલી આપવાનુ રહેશે જેથી કલેઈમ કરતા સમયે દિવ્યાંગ મુસાફરોની વિગતો ગણતરીમાં આવી શકે.

11. આ સિવાયની અત્રેથી પ્રસિધ્ધ કરેલ પરીપત્ર ૦૨/૨૦ માં દર્શાવેલ અન્ય તમામ સુચનાઓ યથાવત રહેવા પામશે જેની ગંભીર નોધ લેશો.

ઉપરોકત સુચનાઓ હિસાબી ખાતા અને ઈડીપી ખાતા સાથે પરામર્શમાં રહી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પરીપત્રની પહોંચ પાઠવશો.

મુખ્ય પરીવહન અધિકારી
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ., અમદાવાદ.

**પત્ર ક્રમાંક : ગુરામા/વાણિ/દિવ્યાંગ–રા.યો./ગ/૧૧૮૪ / 18499**
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, મધ્યસ્થ કચેરી,
**તા.૦૭ /૦૯/૨૦૨૨.**

પ્રતિ
વિભાગીય નિયામકશ્રી,
એસ.ટી. અમદાવાદ – નડીઆદ – વડોદરા – સુરત – ભરૂચ – વલસાડ – ગોધરા – હિંમતનગર – મહેસાણા – પાલનપુર – ભુજ – રાજકોટ – જામનગર – જુનાગઢ – અમરેલી – ભાવનગર તરફ જાણ થવા તેમજ જરૂરી કાર્યવાહી અને તાત્કાલીક અમલ કરવા સારૂ.

મુખ્ય પરીવહન અધિકારી
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ., અમદાવાદ

**<u>નકલ સ.રવાના :</u>**

૧. અંગત મદદનીશશ્રી, માન.ઉપા.અને વ.સં.શ્રીના કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. અંગત મદદનીશશ્રી, માન.મુખ્ય વ્યવસ્થાપકશ્રી(ઓપ.)ના કાર્યાલય તરફ જાણ સારૂ.
૩. અંગત મદદનીશશ્રી, માન.મુખ્ય વ્યવસ્થાપકશ્રી(વહીવટ)ના કાર્યાલય તરફ જાણ સારૂ.
૪. મુ.હિ.અ. અને ના.સ.શ્રી – ઈ.ડી.પી. મેનેજરશ્રી, મ.ક. અમદાવાદની જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

નકલ સ.રવાના :–

મુખ્ય હિસાબ અધિ. અને ના.સ.શ્રી – સીની. ઓડીટ ઓફીસરશ્રી – મુખ્ય પરિવહન અધિકારીશ્રી – મુખ્ય મહેકમ અધિકારીશ્રી – મુખ્ય યાંત્રિક ઈજનેરશ્રી – મુખ્ય બાંધકામ ઈજનેરશ્રી – મુખ્ય કામદાર અધિકારીશ્રી – મુખ્ય આંકડા અધિકારીશ્રી – નિગમના સચિવશ્રી – ખરીદ અને ભંડાર નિયામકશ્રી – કાનુની સલાહકારશ્રી – ઈ. ડી. પી. મેનેજરશ્રી – નાયબ મુખ્ય સુરક્ષા અધિકારીશ્રી – મેનપાવર મેને. એન્ડ ઓડીટ સેલ – મુખ્ય તાલીમ અને મા. સંસા. વ્યવસ્થાપકશ્રી – અધ્યક્ષશ્રીના સચિવશ્રી – ડીફોલ્ટ મોનીટરીંગ સેલ – પ્રિમીયમ સર્વિસ સેલ – વિભા. પરિ. અધિકારીશ્રી(લાઈન ચેકીંગ.), રાણીપ, અમદાવાદ તરફ જાણ સારૂ.
– યંત્રાલય વ્યવસ્થાપકશ્રી, મધ્યસ્થ યંત્રાલય, નરોડા તરફ જાણ સારૂ.

મુખ્ય પરીવહન અધિકારી
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ., અમદાવાદ